# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 01-03-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **અશરફ નથવાણી** વાંચે છે.

---

## રાષ્ટ્રપતિ-ધોળાવીરાની મુલાકાત

**કચ્છની બે દિવસની મુલાકાત લીધા બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે પરત દિલ્હી જવા રવાના થયા હતા. ભુજ એરફોર્સ સ્ટેશન ખાતેથી તેમને વિદાય અપાઇ હતી. આ પહેલાં આજે સવારે તેમણે યુનેસ્કોની વિશ્વ વિરાસત સાઇટમાં સમાવિષ્ટ ધોળાવીરાની મુલાકાત લીધી હતી. આ અંગે સાંભળીએ અહેવાલ...**

કચ્છની મુલાકાતે પધારેલા ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુ આજે ખડીર બેટ સ્થિત પાંચ હજાર વર્ષ જૂની સભ્યતાના મહાનગર ધોળાવીરાની મુલાકાત લીધી હતી. અહીં તેમણે યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટની મુલાકાત લઈને પ્રાચીન માનવ સભ્યતાના તબક્કાવાર વિકાસ તેમજ શ્રેષ્ઠ નગર આયોજન વિશે જાણકારી મેળવી હતી. આ પ્રસંગે પુરાતત્વ વિભાગના ડાયરેક્ટર જનરલ યદુબીરસિંઘ રાવતે વર્લ્ડ હેરિટેજ સાઇટ ધોળાવીરા વિશે રાષ્ટ્રપતિશ્રીને વિસ્તૃત જાણકારી આપીને પ્રાચીન માનવ સભ્યતા વિશે અવગત કર્યા હતા. આ મુલાકાત દરમિયાન હડપ્પન સંસ્કૃતિ, રહેણીકરણી, મહાનગરમાં જળસંગ્રહ તથા નિકાલની અદ્ભુત વ્યવસ્થા તેમજ વિશાળ દીવાલો વિશે રાષ્ટ્રપતિશ્રીએ વિગતવાર માહિતી મેળવી હતી. વર્લ્ડ હેરીટેજ સાઇટમાં પ્રાચીન મણકા બનાવવાની ફેક્ટરી, સુઆયોજિત પગથિયાંવાળી વાવ, અપર ટાઉન, મિડલ ટાઉન અને લોઅર ટાઉન વગેરે જોઈને તેઓ અભિભૂત થયા હતા.

ધોળાવીરાના ગ્રામ પંચાયતના સરપંચ જિલુભા સોઢાએ રાષ્ટ્રપતિશ્રીનું પારંપરિક કચ્છી શાલ ભેટ આપી સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિશ્રીની મુલાકાતથી ધોળાવીરાની વૈશ્વિક ઓળખ વધુ પ્રબળ બનશે તેવું ધોળાવીરાના સરપંચ જીલુભા સોઢાએ આશાવાદ વ્યક્ત કર્યો હતો.

**(બાઇટ : જિલુભા સોઢા)**

રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મુએ ધોળાવીરા સાઈટના ઉત્ખનન દરમિયાન મળેલા વિવિધ પાસાઓ, માટીના વાસણો- અવશેષો, તાંબાની વિવિધ વસ્તુઓ, તોલમાપની વસ્તુઓ, પથ્થરના આભૂષણો નિહાળ્યા હતા. રાષ્ટ્રપતિશ્રીએ ધોળાવીરા વર્લ્ડ હેરિટેજ સાઇટના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું. આ પ્રસંગે રાજ્યપાલ આચાર્ય દેવવ્રત, કચ્છના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરીયા, કચ્છ કલેકટર અમિત અરોરા, પૂર્વ કચ્છના પોલીસ વડા સાગર બાગમાર અને ભારતીય પુરાતત્વ વિભાગના રાજકોટ સર્કલના અધિક્ષક ગુંજન શ્રીવાસ્તવ સાથે જોડાયા હતા. આ તકે કચ્છ જિલ્લા વહીવટીતંત્રની ટીમે કચ્છી કલાઓથી સજ્જ સ્મૃતિચિહ્ન રાષ્ટ્રપતિશ્રીને અર્પણ કર્યું હતું. બે દિવસની મુલાકાત બાદ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને આજે ભુજ એરફોર્સ સ્ટેશન ખાતેથી ભાવભીની વિદાય અપાઈ હતી.

પરેશ મારુ, આકાશવાણી સમાચાર ભુજ

---

## ભચાઉ નગરપાલિકા

ભચાઉ નગરપાલિકાની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીનો વિજય થયા બાદ વિજેતા ઉમેદવારોમાંથી નગરપાલિકાના પ્રમુખ અને ઉપપ્રમુખ સહિત ટીમની વરણી માટે તજવીત હાથ ધરવામાં આવી છે. આગામી 5 મી માર્ચે યોજાનારી બેઠકમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી કરવામાં આવશે તેમ જાણવા મળ્યું છે.

---

## ગાંધીધામ – તોલાણી કોલેજ

ગાંધીધામ કોલેજીએટ બોર્ડ દ્વારા સંચાલિત આદિપુરમાં આવેલી તોલાણી કોલેજ ઓફ આર્ટ્સ એન્ડ સાયન્સને રાષ્ટ્રીય મૂલ્યાંકન અને માન્યતા પરિષદ- નેક દ્વારા તૃતીય સાઇકલમાં B ગ્રેડ એનાયત કરવામાં આવ્યો છે. બેંગ્લોરથી આવેલી ત્રણ સભ્યોની ટીમ દ્વારા જુદા જુદા 7 માપદંડો તપાસી આ ગ્રેડ એનાયત કરવામાં આવ્યો હતો. આ સાત માપદંદોમાં કોલેજની તમામ વહીવટી તેમજ શૈક્ષણિક વાસ્તવિકતા અને યોગ્યતાઓ ચકાસવામાં આવી હતી.

---

## સાધનાબેન માંકડ નાણાવટીનું અવસાન

આકાશવાણી ભુજનાં સુગમ સંગીતનાં જાણીતા ગાયિકા સાધનાબેન માંકડ નાણાવટીનું 72 વર્ષની વયે ગાંધીનગર ખાતે અવસાન થયું છે. તેમણે કચ્છનાં અગ્રગણ્ય સંગીતકારો હસન જમાદાર, નિરંજન અંતાણી, જ્યોતિષ વોરા, મનુભાઈ પરમાર વગેરે સાથે અનેક સુંદર ગીતો ગાયા હતાં. આકાશવાણી દ્વારા આયોજિત અનેક કાર્યક્રમોમાં તેમણે કચ્છનું પ્રતિનિધિત્વ કર્યું હતું. શાંત અને સાલસ વ્યક્તિત્વ ધરાવનાર સાધનાબેન બહોળો પ્રશંસક વર્ગ ધરાવે છે.

---

## રમજાન માસનો પ્રારંભ

રમજાનનો ચાંદ દેખાવવાની સાથે આજે સાંજથી મુસ્લિમ બિરાદરોના પવિત્ર રમજાન માસનો પ્રારંભ થઇ રહ્યો છે. આવતીકાલે પ્રથમ રોજુ રાખવામાં આવશે. આ સાથે સમગ્ર મહિના દરમિયાન તરાવીહ દાન-પૂણ્ય સહિતના કામો અને ઇબાદતો કરવામાં આવશે.

---

## અંજાર : ઇશાકચંદ્રનો લગ્નોત્સવ

આગામી હોળી અને ધૂળેટી નિમિત્તે રાજાશાહી વખતના પરંપરાગત ઇશાકચંદ્રનો લગ્નોત્સવ યોજાશે. આગામી 13 અને 14 માર્ચે અંજારમાં છેલ્લા 200 વર્ષથી ઉજવાતી આ પરંપરા અંતર્ગત વિવિધ આયોજનો હાથ ધરાશે.

---

## એક પેડ મા કે નામ અભિયાન

'એક પેડ મા કે નામ' અભિયાન અંતર્ગત ગુજરાત 17 કરોડથી વધુ વૃક્ષારોપણ સાથે દેશમાં બીજા ક્રમે રહ્યું છે. અભિયાન વિશે માહિતી આપતા વન અને પર્યાવરણ મંત્રી મુળુ બેરાએ આમ જણાવ્યું હતું. શ્રી બેરાએ ઉમેર્યું કે આ અભિયાન હેઠળ ભારતે અત્યાર સુધીમાં કુલ

121 કરોડથી વધુ વૃક્ષો વાવીને નવો રેકોર્ડ સ્થાપ્યો છે. જેમાં સૌથી વધુ 39 કરોડ વૃક્ષારોપણ સાથે ઉત્તરપ્રદેશ દેશમાં પ્રથમ ક્રમે છે. વધુ વિગતો આપતા વન અને પર્યાવરણ રાજ્ય મંત્રી મુકેશ પટેલે જણાવ્યું કે રાજ્યમાં સૌથી વધુ 2 કરોડ 94 લાખ વૃક્ષારોપણ સાથે કચ્છ જિલ્લો પ્રથમ રહ્યો છે. આ સિવાય વન્યજીવો માટે મહત્વપૂર્ણ એવી 'મિષ્ટી' યોજના હેઠળ છેલ્લાં બે વર્ષમાં 19 હજાર 20 હેક્ટર વિસ્તારમાં મેન્ગ્રૂવ વાવેતર સાથે ગુજરાત દેશમાં પ્રથમ ક્રમે છે.

---------------------------------------------------------------------------------